ગુ.મુ.નં ૨૬૨૩/૨૦૨૧

આ કામે આરોપી ત.ક.અમલદારે ઈ.પી.કો કલમ -૨૬૯, ૧૮૮ મુજબ નુ ચાર્જ શીટ રજુ કરેલ છે.

મજકુર કામે  આજ રોજ આરોપીએ હાજર થઈ કબુલાત પુરશીસ રજુ કરી પોતે ગુનો કબુલ કરતા હોવાની હકીકત જણાવેલ છે અને જણાવેલ છે કે પોતે ગરીબ વર્ગ નો છે અને કુટુંબની જવાબદારી તેના શીરે છે કાયદા  પ્રત્યે માન છે અજાણતા મજકુર ગુનો થયેલ છે કે પોતે ગરીબ વર્ગનો છે અને ભવિષ્યમાં આવા પ્રકારની કોઈ ગુનાહીત કુત્ય કરશે નહી તેવી ખાત્રી આપે  છે. આરોપીનુ નીવેદન લેતા તેની કબુલાત સ્વૈચછીક હોવાનુ તથા તેને કોઈ લાલચ કે, પ્રલોભન કોઈએ આપેલ નહી હોવાનુ જણાઈ આવે છે આરોપીને ગુનાની સજાની જોગવાઈ બાબતે માહીતગાર કરવામાં આવેલ હોવા છતા પોતે સ્વૈચ્છીક કબુલાત કરતો હોવાનુ જણાઈ આવતુ હોઈ હાલની કબુલાત રેકર્ડ કરવામાં આવે છે આરોપીની રજુઆત તેની સામાજીક અને આર્થીક સ્થીતી અને જે સંજોગોમાં ગુનો બનવા પામેલ છે તે તમામ હકીકતને  ધ્યાને લેતા આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કેસ હોવાનુ જણાય છે અને આ બાબતે નામદાર ગુજરાત વડી અદાલતનો નટવર હરચંદ વિ સ્ટેટનો ચુકાદો કે જે જી.એલ.આર. ૨૦૦૫ પેજ નંબર પ્રકાશીત થયેલ છે તે ધ્યાને લેતા આરોપીને ક્રી. પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

<u>હુકમ</u>

આરોપીને મજકુર ગુના સબબ ક્રી.પો.કોડની કલમ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી ઈ.પી.કો કલમ-૨૬૯, ૧૮૮ મુજબના ગુનામાં પ્રત્યેક આરોપીના રૂ.૧૦૦/-એમ કુલ રૂપીયા ૧૦૦/- ( અંકે રૂપીયાસો પુરા )નો દંડ કરવાનો અને દંડની રકમ ભરપાઈ કરવામા કસુર કરે તો, દીન-૭ ની સાદી કેદની સજાનો હુકમ ફરમાવુ છુ.

અગર મુદામાલ કબજે કરવામાં આવેલ હોય તો અને અગાઉ વચગાળાની કસ્ટડીનો હુકમ કરેલ હોયતો તેની શરતો રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.૧૦/૦૭/૨૦૨૧ ના રોજ અત્રેની અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૦/૦૭/૨૦૨૧

વડોદરા

પમાં એડી.સીની.સીવીલ જજ અને
એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ
વડોદરા